PTRC
PEOPLES TRAINING & RESEARCH CENTRE
43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007
Telefax - 0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org.

# ૨૮ એપ્રીલ, વીશ્વ કામદાર સ્મૃતી દીવસ

## શા માટે કામદારો અકાળ મોત પામે છે?

## કામદારો મરવા માટે કામ કરતા નથી, તેમને પુરતી સુરક્ષા આપો

આજે ૨૮ એપ્રીલ, વીશ્વ કામદાર સ્મૃતી દીવસ. ગતવર્ષ દરમીયાન કામને કારણે/કામને સ્થળે અકસ્માતમાં માર્યા ગયેલા કે વ્યવસાયીક રોગોને કારણે મૃત્યુ પામેલા કામદારોને યાદ કરી અંજલી આપવાનો અને જીવીતોના જીવન બચાવવા સંઘર્ષ માટેના સંકલ્પનો દીવસ.

વીશ્વ કામદાર સંગઠન –આઇ.એલ.ઓ–ના આંકડા મુજબ દરવર્ષે ૨૩ લાખ કામદારોના મોત થાય છે તેમાં ૨૧ લાખના મોત વ્યવસાયીક રોગોને કારણે અને બે લાખ અકસ્માતોને કારણે થાય છે. આ હીસાબે રોજના ૬૦૦૦ના મોત થાય છે. ઉપરાંત ૩૪ કરોડ કામદારો અકકમતોનો ભોગ બની ઈજા પામે છે અને બીજા ૧૬ કરોડ કામને કારણે બીમાર પડે છે.

દેશમાં અને ગુજરાતમાં વ્યવસાયીક રોગોના નીદાન તો કયાંક થતા હશે ખરા પણ એના અધીકૃત આંકડા મળતા જ નથી. ગત વર્ષ દરમીયાન અમે જે સમુદાયો સાથે કામ કરીએ છીએ તે પૈકી ૧૩ કામદારોના સીલીકોસીસને કારણે મૃત્યુ થયા. તેમાં થાનમાં સીરામીક એકમોમાં કામ કરતા ૭ કામદાર, ધ્રાંગધ્રાના પથ્થરની મુર્તી ઘડવાનું કામ કરતા ૩ કામદાર, મોરબીની ટાઇલ્સ ફેકટરીનો એક કામદાર અને રાજકોટના બે કામદારનો સમાવેશ થાય છે. આ તો હીશીલાની ટોચ પણ નથી. મૃતકોની સરેરાશ આયુ ૪૩ વર્ષ હતી.૧૩ પૈકી એક મહીલા અને અન્ય પુરુષ.

આ સૌના અકાળ મરણ એ કારણે થયા કે એમના માલીકો અને સરકાર માટે કામદારોના સલામતી અને આરોગ્ય પ્રાથમીકતા ન હતી. સરકાર માટે આ પ્રાથમીકતા હોય તેમ લાગતું નથી. રાષ્ટ્રીય માનવ અધીકર પંચે ૨૦૧૭માં ગુજરાત સરકારને ભલામણ કરી કે સીલીકોસીસ પીડીતોના કલ્યાણ અને પુનઃવસન માટે સર્વગ્રાહી નીતી બનાવો પણ ગુજરાત સરકાર એ બાબત ઉદાસીન છે. રાજસ્થાન અને હરીયાણાની સરકારોએ ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે.

અમદાવાદમાં તા.૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ને દીવસે ચીરીપાલ ટેક્ષટાઈલમાં લાગેલી આગમાં ૭ કામદારો હોમાઈ ગયા. એ અગાઉ સારોદની પીઆઇ ઈન્ડસ્ટ્રીઝમાં ૬ જાન્યુઆરી,૨૦૨૦ ને રોજ થયેલા અકસ્માતમાં ૬ કામદારોના મોત થયા.તે પછી ૧૧ જાન્યુઆરીએ વડોદરા નજીક ગવાસદની એઈમ્સ ઓકસીજનમાં ધડાકો થતાં ૬ કામદારોના શરીરના ફુરચા ઉડી ગયા.૨૧ ઓકટોબરે વડોદરાના મકરપુરા ઔદ્યોગીક વીસ્તારમાં આવેલ કેમસેલ કંપનીમાં ધડાકો થતાં ૪ કામદારોના મોત થયા.નવેમ્બરમાં અંકલેશ્વરમાં ગેસ ગળતર થતાં વેકસન લાઈફ સાયન્સમાં પ્રોડકશન મેનેજરનું મોત થયું. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં બનેલા ૩ બનાવોમાં જ ૧૯ જ કામદારોએ પોતાના જાન ગુમાવ્યા.

કારખાનાઓમાં થતા અકસ્માતો પૈકી મોટાભાગના અટકાવી શકાય તેવા હોય છે. કારખાનામાં અકસ્માતો ન થાય તે માટે કારખાના કાયદામાં વીસ્તૃત જોગવાઇઓ કરવામાં આવી છે. આ જોગવાઇઓનો જો સારો અમલ થાય તો અકસ્માતો જરુર ઘટે. પરંતુ ઉપરના આંકડા જોતાં જણાય છે કે અકસ્માતો વધી રહ્યા છે. કામદારો સલામતીપુર્વક, વીશ્વાસપુર્વક કામ કરી શકે તેવી કામની સ્થીતી આપવામાં ઉદ્યોગો અને રાજય નીષ્ફળ જાય તેની અસર વ્યકતીગત કામદારના કુટુંબ પર તો પડે જ છે પણ રાજયના અર્થતંત્ર પર પણ ઉંડી અસર પડે છે. ઉત્પાદકતા ઘટે છે. કારખાના કાયદાના અમલ માટે જે તંત્ર છે તેમાં હાલ નીરીક્ષકોની ખુબ ઘટ છે. આ ઘટ પુરી કરવાની જવાબદારી રાજય સરકારની છે. બીજી બાજુ “ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસ”ના બહાને નીરીક્ષણ માટેની નીતીમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ઉત્પાદન પ્રક્રીયામાં કોન્ટ્રાકટ લેબર (એબોલીશન એન્ડ રેગ્યુલેશન) એકટની જોગવાઇઓનો ભંગ કરી કોન્ટ્રાકટ કામદારોની જ ભરતી હવે કરવામાં આવે છે અને તેમના કામના કલાકો પર કોઇ નીયંત્રણ નથી. કામના કલાકોની કાનુની જોગવાઇઓના ઉલ્લંઘન માટે રાજય સરકારે ફરીયાદો દાખલ કરવાનું વર્ષોથી બંધ કરી દીધું છે. કાયદામાં સુધારા કરી ઓવરટાઇમની મર્યાદામાં વધારો કરવામાં અવ્યો છે. ગુજરાત કારખાના નીયમોની કલમ ૧૦૭ હેઠળ એકમોએ ફોર્મ નં.૨૪માં જે વાર્ષીક પત્રક ભરવાના હોય છે તેનો પણ સારો અમલ થતો ન હોવાને કારણે સાચા આંકડા પણ મળતા નથી. ખાસ કરીને નોંધણીપાત્ર અકસ્માતોના આંકડા સતત ઘટતા જતા હોવાનું જે દેખાય છે તે અન્ડર રીપોર્ટીંગ સીવાય બીજું કશું નથી. પોતાની છવી ઉજળી બતાવવામાં જેમ ઉદ્યોગને રસ છે તેમ દુર્ભાગ્યે મજુર ખાતાને પણ રસ છે. તે રસ હોય તે સમજી શકાય તેમ છે પણ તે માટે અર્ધસત્યનો ઉપયોગ કરવામાં આવે છે તે બરાબર નથી.

જીવલેણ અકસ્માતોમાં રાજયનો રેકોર્ડ બીલકુલ સારો કહી શકાય તેવો નથી. આંકડા નીચા રહે તે માટે લીગલ અને નોન-લીગલ જેવી ચાલાકીઓ છતાં એન.સી.આર.બીના આંકડા મુજબ ૨૦૧૬માં કારખાનાઓમાં થયેલા જીવલેણ અકસ્માતોની સંખ્યામાં ગુજરાત દેશમાં દીલ્હી પછી બીજા નંબરે હતું.૨૦૧૩થી ૨૦૧૮ દરમીયાન ગુજરાતના કારખાનાઓમાં ૯૮૯ કામદારોના મોત જીવલેણ અકસ્માતોમાં થયા. ૨૦૧૮ના નવેમ્બર મહીના સુધીમાં ૨૧૮ કામદારોના મોત થયા જયારે એજ ગાળામાં ૨૦૧૯માં ૧૬૮ કામદારો માર્યા ગયા.૨૦૧૮માં ગુજરાતના નોંધણી પામેલા અને કામ કરતા ૩૨,૧૯૨ એકમોમાં કામ કરતા ૧૭.૨૫ લાખ કામદારો સામે તે વર્ષે વીભાગના આંકડા મુજબ ૨૬૩ કામદારોના જીવલેણ અકસ્માતોમાં મૃત્યુ થયા. એ મુજબ જીવલેણ અકસ્માતનો દર પ્રતી એક લાખ કામદારે ૧૫.૨૩ થાય છે. ૨૦૧૭માં યુરોપીયન યુનીયનના ૨૮ દેશોનો સરેરાશ દર ૧.૬૫ હતો. (https://ec.europa.eu/eurostat/statistics-explained/index.php/Accidents_at_work_statistics) તેની સાથે સરખામણી કરતાં આપણે કામદારોને સલામત કાર્યસ્થળ પુરું પાડવાને ક્ષેત્રે બહુ લાંબી મજલ કાપવાની રહે છે.

ગુજરાતમાં ખાતા દ્વારા કાયદા ભંગ માટે જે ફરીયાદો થાય છે તે માત્ર કલમ ૯૨ હેઠળ થાય છે પણ કલમ ૯૬-એ હેઠળ થતી નથી. ભોપાલ દુર્ઘટના પછી કારખાના કાયદામાં સુધારા કરી કાયદાભંગ કરનારાઓ માટે સજાના ધોરણ કડક કરવામાં આવ્યા તેનો કોઇ લાભ રાજય લેતું નથી અને તે રીતે ઉદ્યોગોને માત્ર સવલત આપવામાં આવતી નથી પણ કાયદા ભંગ માટે પ્રોત્સાહીત કરવામાં આવે છે.

આ તો થઇ અકસ્માતોની વાત. કારખાનાઓમાં જોખમી પદાર્થોના સંપર્ક અને પ્રદુષણે કારણે કામદારોના આરોગ્ય પર વીપરીત અસર પડે છે અને તે કારણે હાજરો કામદારો કેન્સર, ફેફસાંના રોગો, ચામડીના રોગો, બહેરાશ વીગેરેનો ભોગ બને છે તેના વીશ્વસનીય આંકડા આપણી પાસે નથી. આપણા સર્ટીફાઇંગ સર્જનો કે ફેકટરી મેડીકલ ઓફીસરો વ્યવસાયીક રોગોના નીદાનમાં સદંતર નીષ્ફળ નીવડયા છે તેની નોંધ ભારે દુખ સાથે લેવી પડે છે. જે ખાનગી તબીબો આવા રોગોનું નીદાન કરે છે તેઓ આ કાયદા હેઠળ જરુરી નોંધણી કરાવતા નથી કારણ મોટાભાગનાને તેની જાણ પણ નથી અને રાજય સરકારને એવો કોઇ રસ નથી.

સીએજીના અહેવાલ અને અખબારી અહેવાલો મુજબ રાજય સરકારની નીતી એવી રહી છે કે જીવલેણ અકસ્માત બાદ જો એકમ પીડીત કુટુંબને કાનુની મર્યાદા કરતાં વધુ વળતર ચુકવે તો તેની સામે કોઇ કાનુની કાર્યવાહી ન કરવી અને જો ન આપે તો એકમ બંધ કરવાની પણ કાર્યવાહી કરવી. જો એકમ એકગ્રેસીઆ વધુ વળતર ચુકવે તો તેણે કાનુની જોગવાઇઓનો ભંગ કર્યો હોય છતાં તેની સામે કોઇ કાનુની કાર્યવાહી ન કરવી તે તો તદ્દન ગેરબંધારણીય છે. કામદારોના જીવન જોખમમાં મુકી ઉત્પાદન કરવાનો પરવાનો રાજય સરકાર આપે તે ચાલે નહી. કામદારોનું જીવન અમુલ્ય છે. પણ સરકારને તેનું જીવન બચાવવામાં કોઇ રસ નથી, બસ, તેના કુટુંબને થોડા વધુ પૈસા આપીને તેને રાજી કરી દો કે ચુપ કરી દો. કામદારો કારખાનામાં મરવા માટે આવતા નથી. માનવ ગરીમા અને માનવ અધીકારની આ ખુલ્લી મશ્કરી છે. અમે આ નીતીને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને કામદારોના વીશાળ હીતમાં નીચે મુજબની માગણીઓ કરીએ છીએ:

૧. હાલ કોવીડને કારણે જે સ્થીતી ઉભી થઇ છે તેમાં રાજયના આરોગ્ય કાર્યકરો/કર્મચારીઓને કામને સ્થળે સલામતી અને આરોગ્યનું રક્ષણ પુરું પાડવાની જરુર ઉભી થઇ છે. ખાનગી આરોગ્ય સેવાઓ પર દેખરેખ રાખવા કેન્દ્રનો કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ કાયદો, ૨૦૧૦ રાજયમાં અમલી બનાવો. ૧૧ રાજયોમાં તે અમલમાં મુકાયો છે તો ગુજરાત કેમ બાકાત?
૨. રાષ્ટ્રીય માનવ અધીકર પંચે ૨૦૧૭માં કરેલી ભલામણ મુજબ સીલીકોસીસ પીડીતોના કલ્યાણ અને પુનઃવસન માટે સર્વગ્રાહી નીતી બનાવો અને અમલમાં મુકો
૩. રાજયમાં નોંધાયેલા એકમો અને તેમાં કામ કરતા કામદારોની સંખ્યાને આધારે આઇ.એલ.ઓ.ના ધોરણો મુજબ નીરીક્ષકોની સંખ્યા નકકી કરી મંજુર કરો. દર વર્ષે તેનું પુનઃમુલ્યાંકન કરો.
૪. નીરીક્ષકોના મંજુર કરેલા પદો સત્વરે ભરો.નીરીક્ષકોને પુરતી તાલીમ આપો.
૫. નીરીક્ષકોને સતત તાલીમ આપી તેમના કામ પર દેખરેખ રાખી તેમના કામની ગુણવત્તામાં સુધારો કરો. ખાતામાં વ્યાપેલા ભ્રષ્ચાર પર કાબુ મેળવવા ઓન લાઇન વ્યવસ્થા ગોઠવો. હાલ સરકારે "સચેત" અને "સીમ્પલ" નામના મોબાઇલ એપ તૈયાર કર્યાના અખબારી અહેવાલો છે તેને અમે આવાકરીએ છીએ.
૬. કાનુની જોગવાઇઓના ભંગ માટે ફરીયાદો કરો. તે માટે ખાતામાં પુરતા પ્રમાણમાં કાનુની અધીકારીઓ ફાળવો. ન્યાયતંત્રની એવી વ્યવસ્થા ગોઠવો જેથી ન્યાય મેળવવામાં બીનજરુરી વીલંબ ન થાય. જીવલેણ અકસ્માતોની ફરીયાદો લોક અદાલતમાં લઇ ન જાવ.કારખાના કાયદા હેઠળ થતી ફરીયાદો ફોજદારી ગુના છે તે ધ્યાનમાં રાખી તેની મર્યાદા અને ગંભીરતા જાળવો. નીયમીત સમયાંતરે તેની સમીક્ષા કરો. કલમ ૯૬-એ હેઠળ પણ કાયદાભંગની ફરીયાદો કરો.
૭. તમામ આંકડા, વાર્ષીક અહેવાલો, તપાસ એહવાલો, કોર્ટના હુકમો, પરીપત્રો અને બીજી સામગ્રી જાહેર જનતા જોઇ શકે તે માટે ઓનલાઇન કરો.
૮. ફેકટરી મેડીકલ ઓફીસરોને કાનુની રક્ષણ આપો અને તેમના કામ પર દેખરેખ રાખો.
૯. રાજયમાં કામદારો, મજુર અધીકાર પર કામ કરતી સ્વૈચ્છીક સંસ્થાઓ અને કામદાર સંઘોને કાયદાના ઉલ્લંઘન માટે કોર્ટમાં જવાની પરવાનગી આપો. કાયદા પાલનમાં કામદારો અને આ સંસ્થઓને ભેળવો.
૧૦. નોંધણીપાત્ર વ્યવસાયીક રોગોની જોગવાઇના અમલ માટે સરકારી અને ખાનગી તબીબોમાં જનજાગૃતી આવે, તેમને આ જોગવાઇની માહીતી મળે તે માટે કાર્યક્રમો કરો.
૧૧. નોંધણીપાત્ર રોગોની યાદીમાં રાજય સરકારને સુધારા કરવાની સત્તા છે તેનો ઉપયોગ કરી સ્નાયુ અને હાડકાના રોગો તેમજ પોલીએક્રીલેટને કારણે થતા રોગોનો ઉમેરો કરો.
૧૨. લાયકાત ધરાવતા ઇન્ડસ્ટ્રીયલ હાયજીનીસ્ટની નીમણુંક તમામ ઇન્ડસ્ટ્રીયલ હાયજીન લેબોરેટરીમાં કરો, તેમને સાધનો આપો અને જરુરી સત્તા આપો.

૧૩. અકસ્માતો અને વ્ય.રોગોની નોંધણીનો અધીકાર કામદારો, સ્વૈચ્છીક સંસ્થાઓ અને કામદાર સંઘોને આપો.

સંપર્કળ
જગદીશ પટેલ
૯૪૨૬૪૮૬૮૫૫
jagdish.jb@gmail.com